## <u>સ્પેશ્યલ દિવાની દાવા નંબર–૧૧/૨૦૧૫ ના કામે આંક–૧ નીચે હુકમ</u>

(૧) આ કામે કેસનું રેકર્ડ અને રોજકામ વિગતવાર વંચાણે લીધું.

(૨) વાદીએ હાલનો દાવો દસ લાખના આંકથી જાહેર દસ્તાવેજ રદ કરાવવા તથા રજીસ્ટ્રેશન તથા મનાઈ હુકમ માટે પ્રતિવાદી સામે કરેલ હતો અને સાથે વચગાળાની કામ ચલાઉ મનાઈ હુકમ માટે અરજી કરેલ હતી. જે કોર્ટે બંને પક્ષકારોને સાંભળીને વિગતવારનો હુકમ કરી નામંજુર કરેલ. ત્યારબાદ આંક:૫૬થી કોર્ટ ધ્વારા મુદ્દા કાઢવામાં આવેલ.

(૩) મુદ્દા કાઢ્યા બાદ વાદીને ન્યાયના હિતમા સમાધાન થાય તે હેતુથી કોર્ટે નામદાર સુપ્રિમ કોર્ટના **એફકોન પ્રાઈવેટ લીમીટેડના ચૂકાદા** મુજબ સબબ કામ મીડીયેશનમા મોકલ્યુ તેમ છતાં પક્ષકારો ત્યાં હાજર ન રહેતા સમાધાન થયેલ નહીં. સદર કેસ મીડીયેશનમાથી પાછું આવેલ અને સબબ કામ પુરાવા માટે રાખવામાં આવેલ. ત્યારબાદ વાદીને પુરાવો રજુ કરવા માટે પુરતી અને વાજબી તક આપવામાં આવેલ તેમ છતાં વાદીએ પુરાવો રજુ કરેલ નહીં. છેલ્લે આંક: ૬૦થી તા.૨૫/૦૯/૨૦૧૮ ના રોજ વાદીને રૂા.૫૦૦/– ડી. એલ. એસ. એ. દાહોદમાં જમા કરાવવાથી વાદીને હાજર રખાવી પુરાવાની શરતે મુદત આપવામાં આવેલ. ત્યારબાદ તા.૧૦/૧૦/૨૦૧૮ ના રોજ વાદીને તા.૨૫/૦૯/૨૦૧૮ ના રોજ કરેલ હુકમનું પાલન તા.૧૦/૧૦/૨૦૧૮ના રોજ કરેલ અને ફરીથી મુદત માંગતા કોર્ટે **ન્યાયના હિતમા** ફરીયથી મુદત આપેલ. ત્યારબાદ આંક:૬૨ થી વાદી તરફે તેમના જુનીયર વિ. વકીલ શ્રી ધ્વારા મુદત અરજી મોકલાવેલ અને વાદી કે તેના વકીલ પોતે હાજર રહેલ નહીં, તેમ છતાં કોર્ટે **ન્યાયના વિશાળ હિતમા** વધુ એક મુદત આપેલ તેમ છતાં વાદીએ પુરાવો આપેલ નહીં અને ત્યારબાદ ફરીથી તા.૦૫/૧૨/૨૦૧૮ ના રોજ વાદીના વિ. વકીલ શ્રી એમ. એ. શેખના પુત્ર વસીમશેખ ધ્વારા આંક:૬૩થી મુદત અરજી આપેલ અને વાદીને હાજર રખાવેલ નહીં અને ખુબજ વિનંતી કરેલ હોય **ન્યાયના વિશાળ હિત સાથે કેસનું મેરીટ ઉપર નિર્ણય થાય** તે હેતુથી ફરીથી વધુ એક મુદત આપવામાં આવેલ. પરંતુ સબક રૂપે ડીલે કરવા બદલ રૂા.૧૦૦૦/– ડી. એલ. એસ. એ. માં જમા કરાવવાનો હુકમ કરેલ. ત્યારબાદ આજરોજની મુદત આપેલ.

(૪) આજરોજ પણ વાદી કે તેમના વિ. વકીલ શ્રી એમ. એ. શેખ હાજર રહેલ નથી. વાદીના વિ. વકીલ શ્રીના પુત્ર વસીમ શેખ હાજર છે અને તેમણે મોખીક વિનતી કરેલ જેથી કોર્ટ તેમણે જણાવેલ કે ગઈ મુદતે કોર્ટે કરેલ રૂા.૧૦૦૦/– ડી. એલ. એસ. એ. દાહોદ નું પાલન કરેલ નથી અને વાદીને હાજર રખાવેલ નથી, જેથી તેઓએ યોગ્ય હુકમ કરવા જણાવેલ. આમ, વાદીને પુરાવો રજુ કરવા પુરતી અને વાજબી તક આપવા છતા તેમણે

પુરાવો આપેલ નથી કે વાદીને હાજર રખાવેલ નથી. છેલ્લી ચાર મુદતથી કોઈ પણ જાતના વ્યાજબી કારણ વગર હાજર રહેલ નથી યેન કેન પ્રકારે કેસ લબાવી રાખેલ છે. આમ, વાદીને સદર કેસ આગળ ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી જેથી ન્યાયના હિતમાં સી.પી.સી. ઓર્ડર ૯ તથા ઓર્ડર ૧૭ ની જોગવાઈ ધ્યાને લેતા તથા નામદાર સુપ્રીમ કોર્ટે **સાલેમબાર એસોસીએશનના** ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાત તથા નામદાર હાઈકોર્ટે જુના કેસો ઝડપી ચલાવવાનુ સરકયુલર ધ્યાને લેતા હાલના કેસમાં મુદ્દા

કાઢયાને પણ એક વર્ષ થઈ ગયેલ હોઈ અને વાદી પુરાવો આપતા ન હોઈ, ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામા આવે છે

**આખરી હુકમ**

વાદીની ગેરહાજરી તથા પુરાવાના અભાવે વાદીનો દાવો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૩ મી ડિસેમ્બર સને ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ દાહોદ
તા. ૧૩/૧૨/૨૦૧૮.

**(ધીરેન્દ્રસિંહ જગરૂપસિહ રાજપુત)**
બીજા એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટેટ
દાહોદ
જી.જે ૦૦૯૫૮